

**માલપુરના હમીરપુર પાસે નર્મદા પાઇપ લાઈનમાં ભંગાણ સર્જાતા ૨૦ ફૂટ ઉંચા ફુવારા ઉડ્યા**

રાજ્ય સરકાર દ્વારા પાણીની તંગીથી પીડાતા છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે અબજો રૂપિયાના એંધાણ કરી રહી હોવાછતાં અણધડ વહીવટ અને ભ્રષ્ટાચાર થી ખદબદતા પાણી પુરવઠા તંત્રના ભોગે લોકો પાણી વગર ટળવળી રહ્યા છે નર્મદા નદી માંથી પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે ત્યારે માલપુર નજીક આવેલા હમીરપુર ગામ પાસેથી પસાર થતી મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ભંગાણ થી ૨૦ ફૂટ ઊંચા ફુવારા ઉડ્યા હતા તંત્ર ની બેદરકારી ના કારણે હજારો લીટર પાણી નો વ્યય થતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

# બનાસકાંઠામાં વધુ ૧૪ પોઝિટિવ કેસ નોંધાયા

## ડીસા-૯ , પાલનપુર-૨, બાદરપુરા-૧, ગઠામણ-૧ અને રાજસ્થાન -૧

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો બેકાબુ બની રહ્યો છે. જ્યાં રવિવારે વધુ ૧૪ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસા-૯ , પાલનપુર-૨, બાદરપુરા-૧, ગઠામણ-૧ અને રાજસ્થાન -૧ પોઝિટિવ કેસ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૦ પહોંચી ગઈ છે. જ્યારે એક દર્દીનું મોત નિપજ્યું હતું. જેની સાથે કુલ મૃત્યુઆંક ૧૬ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે રવિવારે વધુ ૧૪ કેસ પોઝિટિવ નોંધાયા હતા. ડીસા-૯, પાલનપુર-૨, બાદરપુરા-૧, ગઠામણ-૧ અને રાજસ્થાન-૧ પોઝિટિવ કેસ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યાએ ચોથી સદી નોંધાવતાં કુલ આંક ૪૦૦ પહોંચી ગયો છે. જ્યારે એક દર્દીનું મોત નિપજ્યું હતું. જેની સાથે કુલ મૃત્યુઆંક ૧૬ થવા પામ્યો છે.

# જુલાઈમાં કોરોના અરવલ્લીમાં ઘાતક બન્યો

## સરેરાશ દરરોજ એક વ્યક્તિને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ, મોડાસામાં કોરોના બેકાબુ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો છે ત્યારે અનેક લોકો રોજબરોજ નિયમોનો ભંગ કરીને ફરતા હોવાને કારણે પોઝીટીવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જુલાઈ માસમાં કોરોના લોકો માટે કાળમુખા સાબિત થઈ રહ્યો છે, સરેરાશ કોરોના દરરોજ એક વ્યક્તિને ભરખી રહ્યો છે. ૧૨ દિવસમાં કોરોનાથી ૯ લોકોના મોત સરકારી ચોપડે નોંધાઈ ચુક્યા છે. રવિવારે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ચેતનભાઈ શાહનું કોરોનાથી મોત નિપજતા તેમજ મોડાસા શાહીકોટ વિસ્તારમાં રહેતા અને શંકાસ્પદ દર્દી તરીકે દાખલ અબ્દુલ રહેમાન ચુડગર નામના વૃદ્ધનું મોત નિપજતા મોડાસા શહેરમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લામાં વધુ બે કોરોનાના પોઝેટીવ કેસ નોંધાતા ૨૬૮ પર પહોંચ્યો છે. જીલ્લામાં આરોગ્યતંત્ર કોરોનાને કાબુ લેવામાં નિષ્ફળ રહેતા કોરોનાનું સંક્રમણ બેકાબુ બની રહ્યું છે. જીલ્લામાં સરકારી ચોપડે નોંધાયેલ કોરોનાના મોતને લઈને રમત ચાલી રહી હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સાથે મૃત્યુઆંક પણ ઝડપથી વધી રહ્યો છે. કોરોનાનો મૃત્યુ આંક ઘટાડવામાં આરોગ્યતંત્ર હવાતિયાં મારી રહ્યું હોય તેમ દિન-પ્રતિદિન કોરોનાગ્રસ્ત દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. મોડાસા શહેરમાં શંકાસ્પદ દર્દીઓની મોતની સંખ્યા ઝડપથી વધી રહ્યા છે જે ચિંતાનો વિષય બની રહ્યો છે.

હાલ ચોમાસુ શરૂ થઈ ગયું છે જેથી આ ઋતુમાં ડેન્ગ્યુ, મેલેરિયા અને પાણીજન્ય રોગચાળાનો ખતરો પણ રહે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં કોરોનાના કુલ કેસનો આંક ૨૬૮ ને પાર થઈ ગયો છે. જેમાં અડધો અડધ કેસ માત્ર છેલ્લા ૪૨ દિવસમાં જ નોંધાયા છે. અરવલ્લીમાં કોરોનાનો સૌપ્રથમ કેસ ૧૬ એપ્રિલના રોજ નોંધાયો હતો. આમ અરવલ્લી જિલ્લો કોરોના વાયરસના ભરડામાં સંપડાઈ જતાં જિલ્લાવાસીઓમાં ફફડાટ અને ડર પેદા થયો છે. લોકલ સંક્રમણનું જોર વધતાં લોકો રોજબરોજ કોરોનામાં સંપડાય છે જે ચિંતાનો વિષય બની ગયો છે.



જિલ્લામાં રવિવારે સવારથી દિવસ દરમિયાન વરસાદી ઝાપટા પડ્યા હતા જેને લઈને ક્યાંક રોડ પર પાણી ભરાયા હતા તો ક્યાંક વરસાદી ઝાપટાને લઈને ગરમીમાં આંશિક ઠંડક પ્રસરી હતી તો ક્યાંક કુદરત પણ ખીલી ઉઠ્યું હતું અને વરસાદ છાંટા ફૂલ પર પડતા ફૂલનું પણ સ્મિત રેલાતું જોવા મળ્યું હતું. જીલ્લામાં સવારે ૬ થી સાંજના ૬ દરમિયાન ઇડર ૦૫ મીમી, ખેડબ્રહ્મા ૦૪ મીમી, પ્રાંતિજ ૦૬ મીમી, પોશીના ૨૦ મીમી, વિજયનગર ૦૯ મીમી અને હિંમતનગર ૦૩ મીમી વરસાદ નોધાયો હતો.

## ખેડબ્રહ્માામાં અધૂરા માસે જન્મેલ ત્યજી દેવાયેલ બાળ મળી આવ્યું

ખેડબ્રહમા ની હરણાવ નદીમાં રવિવારના રોજ પાણીમાં ત્યજી દેવાયેલ બાળ મળી આવ્યું હતું જેની જાણ થતાં લોકોના ટોળા જોવા ઉમટ્યા હતા. ખેડબ્રહ્માની હરણાવ નદીમાં રવિવારના સાજન સમયે નદીમાં કાંઈક શંક્કાસ પદ તરી રહ્યું હોય હોઈ લોકોના ટોળા વળ્યાં હતા જેથી લોકોએ ખેડબ્રહ્માના જીવદયા મિત્ર મંડળને જાણ કરી હતી જેથી જીવદયા ના ભુપેન્દ્ર પટેલ અને મિત્રો સાથે નદીમાં પહોંચી પાણીમાંથી બહાર કાઢતા ૭ થી ૮ માસનો અવિકસિત બાળ હોઈ તેને બહાર કાઢી પોલીસને જાણ કરી હતી. જેથી ખેડબ્રહ્મા પોલીસના પી.એસ. આઈ. વી. બી. પટેલ અને સ્ટાફ નદીમાં જઈ તપાસ હાથ ધરી હતી.



કોરોના મહામારીમાં જાહેર જનતા સાવચેતીના ભાગરૂપે માસ્ક સોશીયલ ડિસ્ટન્સ તેમજ સેનેટાઈઝર મોંઘા પડતા હોવા છતાં છૂટથી ઉપયોગ કરી રહ્યા છે, ત્યારે અરવલ્લી જિલ્લા સેવા સદનમાં મોડાસા મામલતદાર અને તેમની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરેલ તે વખતે જીલ્લા સેવા સદનની વિવિધ કચેરીમાં તપાસ દરમિયાન ૧૫ જેટલા કર્મચારીઓ માસ્ક પહેયા વગર કામકાજ કરતા માલૂમ પડ્યા હતા. આ તમામ કર્મચારી પાસેથી રૂપિયા ૨૦૦ લેખે રૂપિયા ત્રણ હજારનો દંડ વસૂલાયો હતો. મોડાસા મામલતદાર અરુણ ગઢવી તેમજ નાયબ મામલતદાર હિતેશ પટેલની ટીમે જીલ્લા સેવા સદનની વિવિધ કચેરીઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. હાલના કોરોના સંક્રમણના વાતાવરણ વિવિધ કચેરીઓમાં ૧૫ જેટલા કર્મચારીઓ માસ્ક પહેર્યા વગર મળી આવ્યા હતા.

# ધનસુરા નજીકની દર્શન હોટલમાં કામ કરતા કર્મચારીનું રહસ્યમય મોત

ધનસુરા, તા. ૧૨

અરવલ્લી જીલ્લામાં અપમૃત્યુની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. બાયડ તાલુકાના તાલોદ ગામનો અને ધનસુરા નજીક આવેલી દર્શન હોટલમાં નોકરી કરતા યુવકનો મૃતદેહ હોટલ પાછળ આવેલા ખાળકુવાના ગંદા પાણીના ખાડામાં મળી આવતા ભારે ચકચાર મચી છે. યુવકની હત્યા કે આકસ્મિક મોત અંગે રહસ્ય ઘેરાયું છે. યુવકનો મૃતદેહ મળી આવતાં પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ધનસુરા પોલીસ દર્શન હોટલ દોડી આવી હતી, મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી નજીક આવેલા નાપડા-ખાલસા ગામમાં ૯ વર્ષીય બાળક ગામના અન્ય બાળકો સાથે રમવા ગયા બાદ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરતાં ગામનાં તણાવમાંથી બાળકનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી.

બાયડ તાલુકાના તાલોદ ગામનો વતની નરેશભાઈ બાબુભાઈ રાઠોડ ધનસુરા નજીક આવેલી દર્શન હોટલમાં નોકરી કરતો હતો. બુધવારે યુવક હોટલમાંથી ગુમ થઈ જતા હોટેલના માલિક અને કર્મચારીઓએ શોધખોળ હાથ ધરી હતી. યુવક મળી ન આવતા યુવકના પિતાને હોટેલ સત્તાધીશોએ કરતાં યુવકના પિતા બાબુભાઈ રાઠોડ અને પરિવારજનો હોટલ ખાતે દોડી આવ્યા હતા અને આજુબાજુ શોધખોળ હાથ ધરાતા યુવકનો મૃતદેહ હોટલ પાછળ આવેલા ખાળકૂવાના ખાડામાંથી મળી આવતાં દર્શન હોટેલ બહાર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ધનસુરા અને જીલ્લાની પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. ધનસુરા પોલીસે મૃતક યુવકનો મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. યુવકના પરિવારજનોએ યુવકની હત્યા કરી મૃતદેહને સગેવગે કરી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો. ધનસુરા પોલીસે એડી દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ગુરુવારે બપોરના સુમારે શામળાજી નાપડા-ખાલસા ગામે રહેતા ભુપતભાઈ વણજારાનો ૯ વર્ષીય સુમિત નામનો પુત્ર ગામના બાળકો સાથે રમવા ગયા બાદ પરત ન ફરતા બાળકના માતા-પિતાએ અને ગામલોકોએ ગામમાં અને આજુબાજુ શોધખોળ હાથ ધરી હતી. બાળકની ભાળ ન મળતાં શામળાજી પોલીસને બાળક ગુમ થવા અંગે જાણ કરી હતી ત્યારે શુક્રવારે સવારે નાપડા ખાલસા ગામમાં આવેલ તળાવમાં ગુમ થયેલ સુમિત વણજારા નામના બાળકનો મૃતદેહ તરતી હાલતમાં મળી આવતાં પરિવારજનો અને ગામલોકના ટોળેટોળા ઉમટ્યા હતા. બાળકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

# પોક્સો એક્ટના ગુનામાં બે વર્ષથી નાસતી ફરતી મહિલા પકડાઈ

હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટશનમાં બે વર્ષ અગાઉ અપહરણ અને બળાત્કારના ગુનામાં સંડોવાયેલી વિજયનગર તાલુકાના આમોદરા ગામની એક મહિલા વિરુદ્ધ પોક્સો એક્ટની કલમ મુજબ ગુનો નોંધાયા બાદ તે નાસતી ફરતી હતી જેને એડીવીઝન પોલીસે શુક્રવારે હિંમતનગરના માળીના છાપરીયા વિસ્તારમાંથી ઝડપી લઈને કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ તેના રીપોર્ટ નેગેટીવ આવતાની સાથે જ શનિવારે જેલહવાલે કરી દીધી હતી. આ અંગે બીડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૮ માં મુળ વિજયનગર તાલુકાના આમોદરા ગામના શર્મિષ્ઠાબેન લાલજીભાઈ કટારા વિરુદ્ધ અપહરણ અને બલાત્કારની ફરીયાદ બાદ પોલીસે તેણીની વિરુદ્ધ પોક્સો એક્ટની કલમ ઉમેરી હતી તેમ છતાં બે વર્ષથી આ મહિલા પોલીસને થાપ આપી લપાતી છુપાતી ફરતી હતી.

# સહકારી જીન વિસ્તારમાંથી પસાર થતા બે વાહનોમાંથી દારૂ પકડાયો

## એડીવીઝન પોલીસે ૭૯ હજારના દારૂ સાથે મુદ્દામાલ કબ્જે લીધો

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાંથી ગુરૂવારે ગેરકાયદે દારૂ ભરીને જતા બે વાહનોને પોલીસે બાતમીને આધારે ઝડપી લઈને તેમાંથી પાસ પરમીટ વિનાનો અંદાજે રૂ. ૭૯ હજારના દારૂના જથ્થા સાથે બે જણાને ઝડપી લઈ બે કાર સહિત અન્ય મુદ્દામાલ કબ્જે લઈ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં બે જણા વિરૂદ્ધ ગુનો નોંધાવામાં આવ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે ગુરૂવારે સહકારી જીન વિસ્તારમાંથી પસાર થનારી એક કારમાં ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમીને આધારે એડીવીઝન પોલીસે વોચ ગોઠવીને વાહન ચેકીંગ શરૂ કરી દીધુ હતુ. દરમિયાન અહીંથી પસાર થતી સ્વિફ્ટ કાર નં. જીજે.૦૧.આર.વાય.૭૦૪૮ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી કારની અંદર તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની અંદાજે રૂ. ૫૫,૨૦૦ની કિંમતનો દસ પેટી દારૂ મળી આવ્યો હતો જેથી પોલીસે કારના ચાલક જગદીશ ઉર્ફે સોનુ વાસુદેવ ગોપલાણીની પુછપરછ શરૂ કરી હતી પરંતુ સંતોષકારક જવાબ ન આપતા પોલીસે દારૂનો જથ્થો તથા કાર મળી અંદાજે રૂ. ૪.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો અને તેની વિરૂદ્ધ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી.

તેજ પ્રમાણે આજ વિસ્તારમાંથી પસાર થઈ રહેલ અન્ય એક કાર નં. જીજે.૦૧.કે.એ.૫૮૦૫ માંથી પણ એડીવીઝન પોલીસે રૂ. ૨૭ હજારથી વધુની કિંમતની ગેરકાયદે દારૂની પાંચ પેટી ઝડપી લીધી હતી અને દારૂ લઈને જતા અમદાવાદના મણીનગર વિસ્તારમાં રહેતા રમેશભાઈ ગંગારામ વૈદની અટકાયત કરી પોલીસે દારૂ તથા કાર મળી અંદાજે રૂ. ૧.૪૭ લાખથી વધુનો જથ્થો કબ્જે લઈ કાર ચાલક વિરૂદ્ધ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

# ગાંભોઈમાં ટાયર ટ્યુબની દુકાનમાંથી ૪.૧૨ લાખની ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે આવેલ એક ટાયર ટ્યુબની દુકાનમાંથી ત્રણ દિવસ અગાઉ રાત્રીના સમયે અજાણ્યા શખ્સોએ દુકાનમાં પ્રવેશ કરી અંદાજે રૂ. ૪.૧૨ લાખથી વધુના ટાયર ટ્યુબની ચોરી કરી ગયાની ફરીયાદ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે સરવણા ગામના ભરતસિંહ લાલસિંહ જોડેજાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મજુબ ગત તા. ૮ જુલાઈની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમની જલારામ ટાયરની દુકાનનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાંથી રૂ. ૨,૯૧,૯૯૨ની કિંમતના ૧૩૬ ટાયર તખા રૂ. ૧,૨૦,૨૯૨ની કિંમતની ૭૭૦ ટ્યુબની ચોરી કરી દુકાનની અંદર રખાયેલ અન્ય માલસામાન વેરવિખેર કરીને જતા રહ્યા હતા. જે અંગે દુકાનના માલિક ભરતસિંહ જાડેજાને ખબર પડતા તેમણે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ધનસુરાના ધરતીપુત્રએ ખેતીમાં કરી નવિન પહેલ

# રાજયમાં સૌ પ્રથમવાર ડ્રીપ ઈરીગેશનથી ડાંગરની ખેતી કરાઈ

## પાણીના ક્યારામાં થતી ડાંગરને ડ્રીપ ઇરીગેશન દ્વારા વાવેતર કરી ૮૦ ટકાથી વધુ પાણી બચત કરે છે

ઓછા પાણીએ પાકનું વધુ ઉત્પાદન કઈ રીતે થઈ શકે તે જોવુ હોય તો તમારે એકવાર અરવલ્લી જિલ્લાના ધનસુરાના પ્રગતિશીલ ખેડૂત જીતેશભાઇ પટેલને જરૂર મળવુ પડે તેમણે સામાન્ય ખેડૂત કરતા અલગ ચિલો ચાતર્યો છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના દોલપુરકંપાના જીતેશભાઇ પટેલ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાંથી એગ્રિકલ્ચર વિષયમાં એમ.એમ.સીનો અભ્યાસ કર્યો કોઈ મોટી કંપનીમાં સારા પગારની નોકરી સ્વીકારવાને બદલે પોતાના ગામમાં જ ખેતી કરવાનો નિર્ણય કર્યો અને આજે પોતાના સંયુક્ત પરીવારની ૧૫૦ એકર જમીનમાં ખેતી કરી રહ્યા છે.



આ અંગે વાત કરતા અરવલ્લીના ધનસુરાના દોલપુરકંપાના પ્રગતિશીલ ખેડૂત જીતેશભાઇ પટેલ કહે છે કે સંમયાતરે પાકની ફેરબદલી કરવી જરૂરી છે, તેનાથી જમીનના પોષક તત્વો જળવાય રહે છે. હું પહેલા બટકા અને ડુંગળી જેવા કંદમૂળની ખેતી કરતો હતો એના પહેલા ચોમાસા દરમિયાન શાકભાજીનું પણ વાવેતર કરતો હતો પરંતુ કૃષિ વૈજ્ઞાનિકની સલાહથી મે ચાલુ સાલ પાકની ફેરબદલી કરવાનો વિચાર કર્યો અને ડાંગરના ધરૂનું વાવેતર કર્યો, પણ અનિયમિત વરસાદની ચિંતા હતી તો ડાંગર માટે ક્યારામાં પાણી સમપ્રમાણમાં જળવાય રહે તે જરૂરી હતું જે શક્ય હતું નહિ અને કૂવાના પાણી દ્વારા જો કયારા ભરવામાં આવે તો પાણીના વપરાશ વધી જાય તેથી મે ટપક સિંચાઈ દ્વારા ડાંગરનું વાવેતર કરવાનું નક્કી કર્યુ અને ૫૦ વિઘામાં ટપકથી ડાંગરનું વાવેતર કર્યુ છે અને તેમાં સફળતા પણ મળી છે.

વધુમાં જીતેશભાઇ પટેલ જણાવે છે કે, આ વિસ્તારની જમીન બહુ પાતળી હોય છે તેથી પાણી ક્યારા કરવા છંતા પાણી શોષાઈ જાય છે તેથી ડ્રીપથી મે વાવેતર કર્યુ જેનાથી પાણીનું ૮૦ ટકાથી વધુ બચત થાય છે અને ડ્રીપ મારફતે દવાઓ આપવામાં સરળતા રહે છે જે છોડના મૂળ સુધી જાય છે જેનાથી પાકની ઉત્પાદન ક્ષમતામાં પણ વધારો થાય છે.

આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જગદિશભાઈ પટેલ જણાવે છે કે, વારંવાર એક જ પ્રકારના પાકના વાવેતરથી પાકની ઉત્પાદન ક્ષમતા ઘટી જાય છે તેથી પાકની ફેર બદલી જરૂરી છે. જેનાથી ખર્ચમાં ઘટાડો થાય છે અને ઉત્પાદન વધે જીતેશભાઈ દ્વારા રાજયમાં સૌ પ્રથમ ટપક સિંચાઈ થકી ડાંગરનું વાવેતર કર્યુ છે તે અન્ય ખેડૂતો માટે નવો રાહ ચિંધનાર છે.



**બાયડના ગાબટ ગામે કોરોનાનો કેસ, આરોગ્ય વિભાગે સર્વેની કામગીરી હાથ ધરી**

બાયડ તાલુકાના ગાબટ ગામે કોરોના નો કેસ નોંધાયો હતો. કેસ આવતા જ આરોગ્ય વિભાગે સર્વેની કામગીરી હાથ ધરી હતી જ્યારે ગાબટ ગામના સરપંચ કૃષ્ણપાલસિંહ ઝાલા( શ્યામબાપુ)તથા તલાટી દ્વારા કન્ટેન્મેન્ટ ઝોન ની મુલાકાત લીધી હતી. તથા ગાબટ ગામના સસ્તા અનાજની ધરાવતા અયુબભાઈ ગાંચી તથા સરપંચ દ્વારા ઘરે ઘરે જઈ અનાજ પહોંચાડવામાં આવ્યું હતું. ગાબટ ગ્રામજનોએ સરપંચના ઉમદા કાર્યને બિરદાવ્યો હતો.